Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# Shree Atmanand Prakash



उपस्थिता वै विषया भवन्तीन्द्रियगोचराः ।
किन्तु तत्र भजेत् साम्यं रागद्वेषविवर्जनात् ॥

* રૂપ આદિ વિષયો આપણી પાસે ઉપસ્થિત થાય ત્યારે ઇન્દ્રિયગોચર થયા વગર રહે જ નહિ, પણ ત્યારે ધીર મનુષ્ય તેમાં રાગ-દ્વેષ કરે નહિ અને સામ્યને ધારણ કરે.

* Objects of senses certainly become perceptible to our senses when they are in the presence of ours But being unaffected by attachment to and hatred against those objects. one should keep equanimous attitude to them.


| પુસ્તક : ૯૪<br>卐<br>અંક : ૫/૬ | ફાગણ-ચૈત્ર<br>卐<br>માર્ચ-એપ્રીલ-૯૭ | આત્મ સંવત : ૧૦૧<br>વીર સંવત : ૨૫૨૩<br>વિક્રમ સંવત ૨૦૫૩ |
|---|---|---|


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વિજયાનંદસૂરિશ્વર તમને લાખ્ખો પ્રણામ | શાહ મોહનલાલ હ. શીહોરી | ૩૩ |
| ૨ | શાકાહારનું મહત્વ | ડો. કુમારપાળ દેસાઈ | ૩૪ |
| ૩ | "દ્વાદ્શારં નયચક્રમ" ભાગ ૧ લાના પુનઃ પ્રકાશન પ્રસંગે તા. ૯-૨-૯૭ના શંખેશ્વર મુકામે પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહનું ઉદ્બોધન | | ૪૦ |
| ૪ | શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે શંખેશ્વર મુકામે યોજાયેલ દ્વાદ્શારં નયચક્રમ ભાગ ૧ લાનું પુસ્તક વિમોચન | | ૪૧ |
| ૫ | શ્રી જૈન આત્માનંદ સભાના આંગણે પ.પૂ. ગુરુભગવંતો-મુનિભગવંતો આદિનું આગમન | | ૪૨ |
| ૬ | વિઘ્ન વિનાશક શ્રી નવકાર | સુસાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી | ૪૩ |
| ૭ | "એનો મહિમા અપરંપાર" | હમીરમલ કે. શાહ | ૪૫ |
| ૮ | નિવેદન | પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૪૬ |
| ૯ | ઓર્ડર ફોર્મ | | ૪૭ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

શ્રી મહેન્દ્રકુમાર શાંતિલાલ શાહ-ભાવનગર

શ્રી અરૂણાબેન ધીરજલાલ શાહ-ભાવનગર

શ્રી અનંતરાય હરીલાલ શાહ-ભાવનગર

શ્રી કાંતિલાલ ગીરધરલાલ શાહ-ભાવનગર

શ્રી વિનોદરાય ગુલાબચંદ શેઠ - ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**

## શ્રી વિજયાનંદસૂરીશ્વર તમને લાખ્ખો પ્રણામ

૧૮૯૨ વિક્રમ વરસે, ચૈતર સુદિ એકમના દિવસે;
થયો જન્મ સુખકાર. તમને૦ ૧

ગણેશ – રૂપાંદેવી જાયા, જીરમાં ઉછરી કાયા;
રહી ઘેર ઓસવાળ. તમને૦ ૨

ગંગારામ–જીવણ સહવાસે, ગ્રહી દીક્ષા ઢુંઢક મત પાસે;
ઉંમર વર્ષ અઢાર. તમને૦ ૩

મુનીમાર્ગમાં ગલતી પેખી, બુદ્ધિથકી એ સઘળું દેખી;
જ્ઞાન કર્યું તૈયાર. તમને૦ ૪

દેશ હિંદ વિષે વિચરીને, વિવેક યુક્તિવાદ કરીને;
ભાન કર્યું સાબીત તમને૦ ૫

બુટેરાય, વૃદ્ધિ, મુળચંદે, ગ્રહ્યો માર્ગ એ મનથી વંદે;
સ્થીર રહ્યા ગુરુ કાજ. તમને૦ ૬

૧૯૩૨ વય ચાલીસે, રાજનગરમાં ગુરુની પાસે;
દીક્ષા તપગચ્છ થાય. તમને૦ ૭

રાહુ ઘેરી છાંયા જાતાં, કીરણ ચંદ્ર તણાં ઉભરાતાં;
તેમ પ્રકાશ્યાં આપ. તમને૦ ૮

ચીકાગોની ધર્મ સભામાં, જાવા હોશ ઘણી હૈયામાં;
રહ્યા ધરી ઉપયોગ. તમને૦ ૯

સિદ્ધક્ષેત્રમાં જ્ઞાની આવ્યા, સંઘે સૂરિપદથી બીરદાવ્યા;
ઉંમર હતી વનદ્વાર. તમને૦ ૧૦

૧૯૫૩ વિક્રમ વરસે, જેઠ સુદિ સાતમના દિવસે;
દેવ થયા મધરાત. તમને૦ ૧૧

બાકી રહી જે જે ગુરુ આશા, ધરી રૂપ વલ્લભસૂરિ ભાષા;
અમર કર્યા ગુરુદેવ. તમને૦ ૧૨

લી૦ શાહ મોહનલાલ હ. શીહોરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાકાહારનું મહત્ત્વ

ડૉ. કુમારપાળ દેસાઇ

યૂરોપ ખંડના એક ખૂણે આવેલા બેલ્જિયમ દેશના એન્ટવર્પ શહેરની મારી સફર યાદગાર બની રહી. આ શહેરની હોટલના ઉતારા પર એની મુખ્ય સંચાલિકા સ્ટેલા મારિયા અને એના બે નિકટના મિત્રો પોલ અને રેને સાથેની એ પડકારભરી મુલાકાત અવિસ્મરણીય બની રહી. માંસાહારથી ભરેલા એ શહેરમાં પ્રવેશ કર્યો ત્યારે મારા ઉતારાની સંભાળ લેતી સ્ટેલા મારિયાને મેં પૂછ્યું,

"તમે વેજિટેરિયન (શાકાહારી) ભોજનની વ્યવસ્થા કરી શકો ખરા?"

વિદેશમાં સતત એક બાબત ધ્યાન ખેંચે કે કોઈપણ કર્મચારી કે નોકરને તમે કંઇ પણ પૂછો તો હંમેશા હસતા ચહેરે જવાબ આપશે. કોઇ બાબત ન સમજાય અને તમે ફરી ફરી પૂછો તો પણ એનું મોઢું કયારેય કટાણું નહી થાય.

મારો પ્રશ્ન સાંભળતાં જ સ્ટેલાનું હાસ્ય રેલાઇ ગયું, એ બોલી

સાચે જ કહો તમે ઇન્ડીયન છો ને? માફ કરજો પણ ઇન્ડીયન (ભારતીય) જેવી ખોરાકની બાબતમાં ફીશી (ચીકણી) કોઇ પ્રજા નથી. તમે વેજિટેરિયન એટલે માત્ર ઝાડ–પાન ખાનારાને?

સ્ટેલાને હસતા મુખે વળતો જવાબ આપતાં સામો પ્રશ્ન કર્યો, "કોણે કહ્યું કે "વેજિટેરિયન" એટલે માત્ર ઝાડ-પાન ખાનારા? "વેજિટેરિયન" કોને કહેવાય તે તમે જાણો છો?"

સ્ટેલા મારિયાએ કહ્યું, સાવ સીધી વ્યાખ્યા છે! જે વેજિટેબલ (શાકભાજી) ખાય તે વેજિટેરિયન!"

મેં કહ્યું "વેજિટેરિયનનો અર્થ આવો નથી. આ શબ્દનો મૂળ અર્થ જુદો છે 'વેજિટેબલ' શબ્દ મૂળ ગ્રીક શબ્દ વેજીટસ પરથી આવ્યો છે અને 'વેજીટસ' એટલે સંપૂર્ણ, નિરોગી, તાજું અને ચેતનવંતુ. આનો અર્થ એ કે અમારો ખોરાક શરીરને માટે સંપૂર્ણ તાકાત ધરાવનારો અને દેહને નિરોગી રાખનારો છે. આ ખોરાક સહેજે વાસી કે કહોવાયેલો નથી બલ્કે તાજો અને નવું ચેતન–તાકાત–બક્ષનારો છે.

સ્ટેલાએ મારા માટે શાકાહારી ભોજનની સગવડ કરી આપી પણ 'વેજિટેરિયન' શબ્દના મારા મૂળ અર્થથી સંતુષ્ટ નહોતી મેં એને કહ્યું કે એકાદ વખત નિરાંતે મળીને વાત કરીશું.

સ્ટેલાએ કહ્યું, "મારે તો વાત કરવી છે પણ મારા મિત્રો પણ આવશે. રેને અને પોલને આમાં ઊંડો રસ છે. તેઓ દેશવિદેશમાં થતાં શાકાહારનાં પ્રયોગોનો અભ્યાસ કરે છે. થોડા પ્રયોગોથી અજમાયશ પણ કરે છે."

આ બે નામ સાંભળતાં હું ચમકી ઊઠયો.

મેં એને કહ્યું, "મારે આ એન્ટવર્પ શહેરનાં પીટર પોલ રુબેન્સનાં અપૂર્વ ચિત્રો જોવા છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમે ય એન્ટવર્પ આવવાનું મારા માટે એક આકર્ષણ ચિત્રકાર પીટર પોલ રુબેન્સની કલાકૃતિએ હતી. ઈ.સ. ૧૫૧૭ ની ૨૮મી જુલાઈએ જન્મેલા આ મહાન કલાકારનું મકાન આજે એની મનોરમ કલાકૃતિઓનું સંગ્રહસ્થાન છે. પીટર પોલ રુબેન્સના ચિત્રોથી એન્ટવર્પનાં અનેક ચર્ચો શોભતા હતા. આ મહાન કલાકારના વ્યક્તિત્વ વિશે ઘણું વાંચ્યું હતું પણ હવે એની કલાકૃતિઓ દૃષ્ટોદષ્ટ નિહાળવાની તક સાંપડી હતી. કલાકાર પીટર પોલ રુબેન્સ કલા સર્જન કરતી વખતે એટલો બધો આનંદથી ઉભરાઈ જતો કે છટાદાર રંગો અને ગંભીર ભાવો ધરાવતી કલાકૃતિ રમતવાતમાં સર્જી શકતો હતો.

સ્ટેલાએ કહ્યું: "એ મહાન કલાકારનું સ્મારક જોવા હું આપને જરૂર લઈ જઈશ."

મેં કહ્યું, "એન્ટવર્પનો આ અજોડ કલાકાર "વેજિટેરિયન" હતો એની તને ખબર છે ખરી? એને સ્વાસ્થ્ય બરાબર જાળવીને વિપુલ કલાસર્જન કરવું હતું તેથી એ માંસની ગંધને પણ પોતાની પાસે ફરકવા દેતો નહીં. એ માનતો કે માંસાહારથી પાચન થવામાં મુશ્કેલી પડે છે. કામમાં સુસ્તી આવે છે. રોજ સાંજે પાંચ વાગ્યા સુધી સતત કામ કર્યા બાદ આ કલાકાર ઘોડા પર ઘૂમવા નીકળી જતો અને પાછા આવ્યા બાદ શાકાહારી ભોજન લેતો. રુબેન્સ માનતો હતો કે માંસાહાર પચવામાં કઠણ અને સ્ફૂર્તિને હણનારો છે."

સ્ટેલાને મારી વાતનું આશ્ચર્ય થયું. એ સમયે રુબેન્સના ભત્રીજા ફિલિપ રુબેન્સ પાસેથી ફ્રાંસના લેખક ડી પિલ્સે મેળવેલી એના જીવનની માહિતી મેં દર્શાવી. સ્ટેલાને આશ્ચર્ય થયું.

સ્ટેલા, રેને અને પોલ સાથે મુલાકાત ગોઠવાઈ અને વાતવાતમા કેટલાંક ચિત્રવિચિત્ર પ્રશ્નો ચર્ચાની એરણે ચડયા.

સ્ટેલાએ એના મનની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, ભાઈ, "માફ કરજો, પણ જો વિશ્વના તમામ માનવીઓ માંસાહારનો ત્યાગ કરે તો દુનિયા આખી પ્રાણીઓથી ખીચોખીચ ભરાઈ જાય, ઊભરાઈ જાય. માનવીને ઊભા રહેવાની જગા પણ ન મળે. પૃથ્વી પર માત્ર બકરાં, ઘેટાં અને મરઘાંની જ વસ્તી જોવા મળે? માનવીની સાવ 'માઈનોરિટી' (લઘુમતિ) થઈ જાય. ખરું ને?"

મેં કહ્યું, "આમાં એક મૂળભૂત વાત ભૂલાઈ જાય છે. માંસાહાર માટે પ્રાણીઓને 'ફાર્મ' માં ઉછેરવામાં આવે છે. આ પ્રાણીઓનું વધુ પ્રજનન થાય, તે માટે કેટલાય કૃત્રિમ ઉપાયો યોજવામાં આવે છે. પરિણામે પ્રાણીઓ વધુ જન્મે અને માંસાહાર મળતો રહે! જો આ પ્રાણીઓને મુક્ત અને કુદરતી જીવન જીવવા દેવામાં આવે અને એમને પૃથ્વી પર રહેવા દેવાય તો આપોઆપ એમની સંખ્યા ઓછી થઈ જશે."

પોલે વળતો પ્રશ્ન કર્યો, "એવું બને કઈ રીતે?"

મેં કહ્યું, "મિત્ર, આસપાસના પ્રદેશ અને સંજોગો પ્રમાણે કુદરતનું ચક્ર ચાલતું હોય છે. કુદરત એ કમાલની ચીજ છે! જેટલું જોઈએ તેટલું આપે તમે એનું કશુંક છીનવી લો, તો અંતે તમારું છીનવાઈ જાય! તમામ પ્રાણીઓ જેટલા પ્રમાણમાં આહાર મળે અને જેટલી જગ્યા મળે તેટલી સંખ્યા પૂરતું જ પ્રજનન કરે છે, એ એક હકીકત છે! આમાં માત્ર માનવી જ અપવાદરૂપ પ્રાણી છે! આ સૃષ્ટિનાં બીજાં પ્રાણીઓ જેવાં જ ઘેટાં-બકરાં કે મરઘાં છે. એમનાથી સહેજે ભિન્ન નથી. આમ જો માંસાહાર માટે કૃત્રિમ પ્રજનન કરવામાં આવે નહીં, તો આપોઆપ આ પશુ-પક્ષીઓની સંખ્યા ઓછી થઈ જશે અને જગત આખું મરઘીમય બની જશે એવી સ્ટેલાની ફિકરને કોઈ કારણ નહીં રહે."

બેલ્જિયમના રળિયામણા એન્ટવર્પ શહેરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી શાકાહારની ચર્ચા ક્વચિત્ કોઈને વિચિત્ર લાગે. લેંસ આગળ ભાગવત જેવું જણાય, પણ સ્ટેલાને શાકાહારમાં રસ પડયો હતો. રેનેને શાકાહાર પસંદ હતો, માત્ર પોલ પાકો માંસાહારી હતો અને એમાં દૃઢ શ્રદ્ધા ધરાવતો હતો.

વ્યક્તિનો ઉછેર એના માનસ ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. રુસો જેવા ચિંતકે તો કહ્યું છે કે બાળક જન્મથી શાકાહારી હોય છે પરંતુ એના માતા-પિતા એને માંસાહારી બનાવે છે. પ્રકૃતિથી માનવી છે શાકાહારી. સંસ્કૃતિનાં પ્રારંભના અજવાળાં ફેલાયાં તે ગ્રીસના લોકો મોટેભાગે શાકાહારી હતા. પાયથાગોરસ તો શાકાહારનો સક્રિય પ્રચારક હતો.

અમારી ચર્ચા જુદા જુદા દોરમાંથી પસાર થતી હતી. કયાંક આસપાસના વાતાવરણમાંથી મળેલી કોઈ વર્ષો જૂની રૂઢ માન્યતા દલીલ રૂપે જોરદાર રીતે રજૂ થતી તો કયાંય માંસાહાર વિશે વર્ષોથી ટેવાયેલું માનસ અકળાઇને બોલી ઊઠતું હતું.

પોલે આક્રોશભરી દલીલ કરી કે, "માનવીને જીવવા માટે અને સ્વાસ્થ્ય માટે સૌથી વધુ જરૂર પ્રોટિનની છે. આ પ્રોટિન એને માંસ અને ઈંડામાંથી મળે છે આ પ્રોટિનના અભાવે પ્રજા દુર્બળ અને માંયકાંગલી બની જશે. આમ માંસાહાર તે માનવસ્વાસ્થ્ય માટેની અનિવાર્ય શરત છે."

પોલે અત્યંત આક્રમક રીતે પોતાની દલીલ રજૂ કરી, ત્યારે મેં એને વળતો સવાલ કર્યો,

"ખરેખર એ કહેશો ખરા કે માનવ શરીરને કેટલા ટકા પ્રોટિનની જરૂર છે? વળી જો માંસ અને ઈંડામાંથી જ પ્રોટિન મળતું હોય, તો જગતનું સૌથી શક્તિશાળી પ્રાણી આફ્રિકન હાથી તદ્દન શાકાહારી હોવા છતાં શેમાંથી પ્રોટિન અને તાકાત મેળવે છે? બળવાન બળદ કે તેજીલો અશ્વ કયું માંસ ખાઈને શક્તિ પામે છે?"

પોલ મારી વાતથી વિચારમાં પડયો. ત્યારે મેં કહ્યું કે "મિત્ર, માણસને માત્ર ચાર ટકા પ્રોટિનની જ જરૂર પડે છે."

રેને બોલી ઊઠયો, "મને આ વાત સાચી લાગે છે. આનું કારણ એ છે કે માંસ અને ઈંડાના ઉત્પાદકોએ પ્રોટિનની વાત ઘણી ચગાવી છે. હવેનું સંશોધન પણ એમ કહે છે કે વધુ પડતા પ્રોટિનની માનવીને જરૂર નથી."

મેં કહ્યું, "તમને જાણીને આશ્ચર્ય થશે પણ એક નાની વાટકી શાક લો અથવા એટલી ભાજી ખાઓ તો એક કિલો માંસ કરતા વધુ પ્રોટિન મળશે અને આ બધું ય વળી સાવ નહિવત જોખમે!"

સ્ટેલા મારિયાએ મારો "ઓછા જોખમે" શબ્દ પકડી પાડયો અને તરત પૂછયું, પ્રોટિનની બાબતમાં માંસ કરતાં શાકભાજી ઓછા જોખમી કેમ?

જાણકાર રેનેએ મારી વાત પકડી લીધી. એણે કહ્યું કે "શાક અથવા ભાજીમાંથી માત્ર પ્રોટિન મળે છે, જ્યારે માંસમાંથી પ્રોટિન મળવાની સાથોસાથ માનવ-સ્વાસ્થ્યને હાનિકર્તા એવી ચરબી અને કોલેસ્ટ્રોલ પણ મળતા રહે છે."

સ્ટેલા મારિયાએ કહ્યું, "ઓહ! આનો અર્થ તો એ થયો કે પ્રાણીના માંસમાંથી મળતા પ્રોટિન કરતાં શાકભાજીમાંથી મળતું પ્રોટિન વધુ સારું અને સસ્તુ ગણાય."

મેં કહ્યું, 'આ વાત તો આજથી ચાલીસ વર્ષ પહેલાં સિદ્ધ થઇ ચૂકી છે. માત્ર માંસની પ્રોડકટ વેચનારાઓએ એને દબાવી રાખી છે. પચાસના દાયકામાં માંસ – ઉદ્યોગની આર્થિક સહાયથી ઉંદરો પર પ્રયોગ કરવામાં આવ્યા. આ પ્રયોગોમાં સંકળાયેલા બે વૈજ્ઞાનિકોએ એવું તારણ કાઢયું કે વનસ્પતિ ખાઈને ઉછરેલા ઉંદરનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાસ વધુ ઝડપી હતો. આ તારણથી માંસ ઉદ્યોગ મુશ્કેલીમાં આવી પડયો. એને પગ પર કુહાડો માર્યા જેવું લાગ્યું. પેલા બે વૈજ્ઞાનિકો પર અભિપ્રાય ફેરવી તોળવા માટે ભારે દબાણ આવ્યું. એક વૈજ્ઞાનિકે જણાવ્યું કે આ પ્રયોગ માત્ર ઉંદરોની જાતિ પૂરતો જ સીમિત ગણાય બીજી જાતિને એ લાગુ પાડી શકાય નહિ. બીજા વૈજ્ઞાનિકે જરા આગળ વધીને એમ કહ્યું કે ઉંદર પરના પ્રયોગને માનવી પરના પ્રયોગની પ્રતિકૃતિ માની શકાય નહીં. વાત ગમે તે હોય પણ આ પ્રયોગનું સાચું તારણ બહાર ન આવે તે માટે માંસ ઉત્પાદકોએ રાત-દિવસ જહેમત ઉઠાવી."

રેનેએ કહ્યું, "આજે એનિમલ ફેટ અને એનિમલ પ્રોટિન સામે મોટી જેહાદ ચાલે છે. કેન્સર અને હાર્ટએટેક એ આજના યુગના મહાવ્યાધિ. એમાં માંસાહાર મહત્ત્વનું કારણ ગણાય છે. આથી ખુદ અમેરિકા જેવો દેશ પણ આનો વિરોધ કરે છે. એક વિખ્યાત ચિંતક કાર્લાઇલે કહ્યું છે કે આવતા યુગને નીતિશાસ્ત્રથી નહીં, બલ્કે આહારશાસ્ત્રથી બદલી શકાશે."

મેં કહ્યું, "ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ લેખક બર્નાડ શો એ એક વાર એમ કહ્યું હતું કે માણસ પોતાના દાંતથી કબર ખોદે છે. એણે પોતાના પેટને મૃત પ્રાણીઓનું કબ્રસ્તાન બનાવ્યું છે."

સ્ટેલા શાંત બની ગઇ હતી. પોલનો ઉશ્કેરાટ હજી કાબૂમાં આવ્યો નહોતો વર્ષો જૂની ગ્રંથિ છોડવી આમેય મુશ્કેલ હતી એણે ફરી જૂની અને જાણીતી દલીલ કરતાં કહ્યું કે "દુનિયા આખી શાકાહારી બનશે, તો માનવજાત ભૂખમરાના ખપ્પરમાં હોમાઈ જશે. એક તો આજે દુનિયાની મોટા ભાગની વસ્તી માંસાહારી છે અને બીજું એ કે અનાજ એટલું ઊગતું નથી કે જેનાથી દુનિયાની વસ્તીને શાકાહારી ભોજન સુલભ બને."

સ્ટેલાએ કહ્યું, "મને પણ એમ જ લાગે છે. જો આજના જગતને પૂરું ખવડાવા માટે અનાજ ન હોય તો પછી વસ્તીવધારો ધરાવતા આવતી-કાલના વિશ્વને તમે કઈ રીતે ભોજન ખવડાવી શકશો?"

પોલ અને સ્ટેલાની દલીલોના જવાબમાં મેં કહ્યું,"

"આજે જગતના અનેક દેશો ભૂખમરાથી પીડાય છે. આફ્રિકાના ગરીબ દેશોની હાલત દયનીય છે. ભારતમાંય ગરીબ પ્રજા ભૂખમરાની વચ્ચે જીવે છે. ભારતની જ વાત કરું તો આજે દર વર્ષે ભારતમાં ૨૩૦ લાખ ટન માંસનું ઉત્પાદન થાય છે. આમાંથી માત્ર માંસાહારમાં માત્ર દસ ટકા ઘટાડો નોંધાય તો પણ ઘણો મોટો લાભ થાય. આ દસ ટકા ઘટાડાને કારણે એ જમીન પર જો અનાજ વાવવામાં આવે તો બીજા ચારસો લાખ લોકોનું પેટ ભરી શકાય આમ માંસને માટે પશુઓના ઉછેરની જમીનને જો અનાજ ઉગાડવાના ઉપયોગમાં લેવાય તો કેટલો બધો લાભ થાય! અમેરિકામાં જે ખેતરોમાં માંસને માટે પ્રાણીઓ ઉછેરવામાં આવે છે એ જ ખેતરોમાં અનાજ ઉગાડવામાં આવે તો પાંચ ગણા લોકોને પૂરતો ખોરાક મળી રહે. માનવઅસ્તિત્વ પર ભયરૂપ બની રહેલા પ્રાણીસંહારનો ભય ટળે તે તો વધારામાં."

પોલ બોલી ઉઠયો, "ઓહ! આ તે કેવું ગણાય?" સ્ટેલાએ કહ્યું, "આનો અર્થ તો એ થયો કે માનવજાતને ભૂખમરામાંથી ઉગારવી હોય તો માંસાહાર છોડીને શાકાહાર તરફ જાવ."

રેનેએ કહ્યું, "આમ થાય તો કેટલા બધા પ્રાણીઓની કતલ અટકી જાય!"

પોલ જરા ટોળમાં બોલ્યો, "તો માણસ સાવ માયકાંગલો ન બની જાય? વાઘના શિકાર કરનારાની બહાદૂરી કેવી હોય છે!"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોલની વાતનો અસ્વીકાર કરતાં મેં કહ્યું, “માફ કરજો ! તમારી બહાદુરીની વ્યાખ્યા હું સમજી શકતો નથી. વાઘનો શિકાર ખેલવા નિકળેલો માનવી તદ્દન સલામત જગાએ, મોટો માંચડો બાંધીને, વાઘનો શિકાર કરે, સાથે નિશાનબાજો રાખે તેમાં બહાદુરી કઇ ? હકીકતમાં આ વાઘમાં એક નાના બાળકથી પણ ઓછી બુદ્ધિ હોય છે. આવા વાઘને મારવામાં તે શો મોટો “વાઘ માર્યો ગણાય.”

સ્ટેલાએ કહ્યું, “તમારી બધી વાત સાચી, પણ માણસ એના શરીર માટે માંસાહાર ન કરે એ બાબત હજી મારા મનમાં બેસતી નથી.”

મેં કહ્યું, “હકીકતમાં માણસનું શરીર એ શાકાહાર માટેનું શરીર છે. માંસાહારી પ્રાણીઓનું આંતરડું લાંબું હોતું નથી. જ્યારે માનવીનું આંતરડું ઘણું લાંબું હોય છે. માનવીના ચાવવાના દાંત પણ ચપટા હોય છે. એની પાસે ભોજનની સામગ્રી પકડવા માટે હાથ છે અને અલ્કલીયુક્ત મુખરસ છે. આ બધી બાબતો બતાવે છે કે માણસ એ શાકાહારી પ્રાણી છે. એનું શરીર શાકાહાર માટે અનુકૂળ અને માંસાહાર માટે પ્રતિકૂળ છે. ફ્રાંસની રાજધાની પેરિસની એકેડેમી દિ મેડિસીનના સંશોધકે તારણ આપ્યું કે શરીરનો થાક ઉતારવા માટે માંસાહારી કરતાં શાકાહારીને પાંચમા ભાગનો સમય લાગે છે. આ થઈ તનની વાત ! હવે કરીએ મનની વાત ! આ તારણ નોંધે છે કે જીવનના પ્રશ્નો કે સમસ્યાઓનો સામનો કરવાની શકિત માંસાહારી કરતાં શાકાહારીમાં બે થી ત્રણ ગણી વધારે છે.

પોલે વળી એની આક્રમક રીતે માંસાહાર તરફી દલીલ કરતાં કહ્યું, “તમને લોકોને માનવીના ભોજનની સહેજે ફિકર નથી તમે માનવીને ભૂખે મરીને પ્રાણીને જીવાડવા માગો છો આ તે કેવું વિચિત્ર કહેવાય ? આજે આ આખું બેલ્જિયમ માંસાહારી છે. અમારા દેશ બેલ્જિયમની બે વાનગીઓ આખી દુનિયામાં પ્રખ્યાત છે અને એ છે કારબોનડીસ અને વાટરઝુઈ. વિદેશીઓ આસ્વાદ માટે તલસે છે તેવા આ બંને વાનગીમાં બીફ અને ફીશ વપરાય છે. અહીં જુદી જુદી જાતની માછલીઓ ખાવાના શોખીનો તમને મળશે. તમારા જેવા શાકાહારીઓને યોગ્ય ભોજન કયાંય નહીં જડે. કેટલાક બિચારા શાકાહારીઓ રસ્તા પર મળતી બટાટાની ચિપ્સ ખાય છે, પરંતુ એના પર જે સોસ લગાવવામાં આવે તે તો માંસાહારી જ હોય છે. આ પરિસ્થિતિમાં તમે વળી શાકાહારની સૂફિયાણી વાત કરીને આ આખા દેશને ભૂખે મારવાનું તો ઇચ્છતા નથી ને ?”

પોલની દલીલ આક્રમક હતી. સ્ટેલાના ચહેરા પર પોલની દલીલ કરવાની આક્રમક અને ગુસ્સાભરી રીત પ્રત્યે નાપસંદગી ઉપસી આવી. એને થયું કે એક તો આપણે અતિથિને સામે ચાલીને આગ્રહભેર બોલાવ્યા હોય અને વળી એના તરફ આવી બેઅદબી. આમ છતાં પોલની વાત સાચી પણ હતી કે આખો ય બેલ્જિયમ માંસાહારથી ભરેલો હતો, મેં કહ્યું,

“પોલ, તમે કોઈ પ્રાણીના માંસનો આહાર કરો છો ત્યારે એમ રખે માનતા કે તમે માત્ર એ પ્રાણીના માંસનો જ આહાર કરો છો, બલ્કે એ પ્રાણીએ અત્યારસુધી ખાધેલા વનસ્પતિને ષ ઓહિયાં કરી જાવ છો. એક સ્પષ્ટ ગણતરી એ થાય કે તમે એક કિલો માંસનું ભોજન કરો છો, ત્યારે એની સાથોસાથ દસ કિલો વનસ્પતિ અજાણતાં જ ખાઈ જાવ છો. અર્થાત્ એક માંસાહારી દસ શાકાહારીનું ભોજન ઝાપટી જાય છે. હવે જગતને કોણ ભૂખે મારે છે તેનો તમે જ વિચાર કરો. વ્યક્તિની આખી જિંદગીના આહારનો વિચાર કરો તો એક માંસાહારી એક શાકાહારી કરતાં પચાસ ગણું વધુ અનાજ ખાઈ જાય છે.

સ્ટેલાએ કહ્યું, “આનો અર્થ તો એ થયો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસાહારીઓ આ દુનિયા પરના ભૂખમરાનું કારણ છે."

રેનેએ કહ્યું, "તમે માંસાહારી દ્વારા ખવાતા આહારથી સર્જાતા ભૂખમરાની વાત કરી, પણ મને એમ લાગે છે કે આ પૃથ્વી પર માંસાહારીઓએ માત્ર ભૂખમરાનું સર્જન કર્યું નથી. બીજા ય નુકશાન કર્યા છે. ખરું ને ?"

રેનેની વાતને નવો વૈચારિક વળાંક આપતાં મેં કહ્યું, "રેને, માંસાહારને કારણે પ્રાણીઓને જે ચરાણ આપવામાં આવે છે તેનો વિચાર કરવા જેવો છે. મેં મારા દેશમાં આવા ચરાણને કારણે ઉજ્જડ થઇ ગયેલી ભૂમિઓ જોઇ છે. રાજસ્થાનમાં આવેલો આખો ય અરવલ્લી પહાડ સૂકો-ઉજ્જડ લાગે છે. જો કે હવે અમારી સરકાર જાપાન પાસેથી કરોડો રૂપિયાની મદદ લઇને અરવલ્લી પર ઘાસ ઉગાડવાની યોજના કરી રહી છે."

સ્ટેલા મારિયાએ કહ્યું, "આનો અર્થ એ થયો કે માણસે પ્રાણી તરફ દયા, ધર્મ કે અનુકંપાની દૃષ્ટિથી નહીં, બલ્કે પોતાના અસ્તિત્વ ખાતર અને પોતાની માતા ધરતીને કાજે માંસાહાર છોડવો જોઇએ."

મેં ઉત્સાહથી કહ્યું, "મારી વાત જ આ છે. જુઓ, તમે ઘેટાંઓને ખેતરમાં ચરવા મોકલો છો પણ એને ચરતા જુઓ છો ખરા ? એ ઘાસને છેક મૂળ સાથે કાઢી નાંખે છે જેને પરિણામે એ જમીન ખેતીને માટે સમય જતાં નકામી બને છે અને વિશ્વની ઉજ્જડ જમીનમાં ઉમેરો થાય છે."

પોલ અકળાઈ ઉઠયો, "માંસાહાર માણસ માટે ખરાબ, ધરતી માટે ખરાબ, હજી છે કોઇ બીજું એનું અનિષ્ટ છે બાકી ?"

મેં કહ્યું, "મિત્ર ! કેટલા અનિષ્ટની વાત કરું તને ! આ જગત પર ઘણી મોટી વસ્તીને પીવાનું પાણી મળતું નથી. કતલખાનામાં પશુઓની કતલ કરતી વખતે પુષ્કળ પાણી વપરાય છે. પાણીની અછતવાળા કોઇ પણ દેશને આટલો દુર્વ્યય પોસાય નહીં."

રેનેએ કહ્યું, "તમે દરેક વાતમાં ગણતરી આપો છો. માંસાહારમાં વપરાતા પાણીની ગણતરી આપો ને !"

હસતાં હસતાં મેં રેનેને જવાબ આપ્યો. "દોસ્ત ! ગણતરી એવી છે કે એક કિલો ઘઉં પેદા કરવા માટે જેટલું પાણી જોઇએ તેના કરતાં પચાસગણું પાણી એક કિલો માંસ પેદા કરવા માટે જોઇએ છે !"

સ્ટેલાએ ચીસ પાડી, "ઓહ ! પાણીનો કદી માફ ન કરાય તેવો આ દુર્વ્યય !"

મેં હળવેથી કહ્યું, "સ્ટેલા ! વાત તો હજી આનાથીય લાંબી છે. પ્રાણીઓની કતલ થાય એ પછી એમના વધેલા ભાગોનું શું કરાય છે તેની તપાસ કરજે. એને કોઈ નદી તળાવ કે નહેરમાં નાખી દેવામાં આવે છે. પ્રાણીનાં શરીરનાં એ ભાગો નદી કે તળાવનાં પાણીમાં સડે છે, કોહવાય છે, દુર્ગંધ મારે છે. અને પાણી એવું પ્રદૂષિત થાય છે કે જે કોઈ પીએ એને જીવલેણ બિમારી લાગુ પડે પછી તે માનવી હોય કે પ્રાણી."

મારી આ વાત સાંભળીને આક્રમક પોલનું અંતર ખળભળી ઊઠયું એ એકદમ બોલી ઊઠયો, "ઓહ ! કેવું ભયાનક ! કેવું નિષ્ઠુર અને કેવું નિર્દય ? આ માંસાહાર એ તો પૃથ્વી પર જીવતા-જાગતા માનવીનો આહાર કરી જાય છે. દોસ્ત, આજ સુધી મેં માંસાહાર સિવાય કશું ભોજન લીધું નથી. હવે તને ખાતરી આપું છું કે જીવનભર માંસાહાર સિવાયનું જ ભોજન લઇશ."

રેને આનંદમાં આવી ગયો. સ્ટેલાની આંખમાં હજી વધુ જાણવાની જિજ્ઞાસા હતી. હવે શાકાહારી ભોજન સાથે બાકીની ચર્ચા કરવાનું નક્કી કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "દ્વાદશારં નયચક્રમ" ભાગ ૧ લાના પુનઃ પ્રકાશન પ્રસંગે

## તા ૯-૨-૯૭ ના શંખેશ્વર મુકામે
## પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહનું ઉદ્બોધન

આપણી શ્રી જૈન આત્માનંદ સભાના આ શતાબ્દી વર્ષમાં દ્વાદશારં નયચક્રમના પ્રથમ ભાગનું પુન મુદ્રણ ગ્રંથ વિમોચન પ્રસંગે અમો અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

આ ગ્રંથનું પ્રથમ પ્રકાશન સંવત ૨૦૨૩ની સાલમાં એટલે કે આજથી ત્રીશ વર્ષ પહેલા આપણી સંસ્થાના મણિમહોત્સવ વખતે ભાવનગરમાં તા. ૩૦-૪-૧૯૬૭ના રોજ આગમ પ્રભાકર સ્વ. પૂજ્ય પુણ્યવિજયજી મ. સા.ની શુભ નિશ્રામાં કોલ્હાપુરની શિવાજી યુનીવર્સીટીના ડીન ડૉ. એમ. એન. ઉપાધ્યેના હસ્તે વિમોચન થયેલ હતુ; અને આજે આ શતાબ્દી વર્ષમાં શંખેશ્વર મુકામે પુનઃ મુદ્રણનું વિમોચન થતાં આપણી સંસ્થા શુભ સૌભાગ્યની લાગણી અનુભવે છે.

આવી સુખ-સૌભાગ્યની લાગણી અનુભવવા અમે ભાગ્યશાળી થયા તેનો પુરેપુરો યશ લુપ્ત ગ્રંથ (લુપ્ત ગ્રંથ એટલે કે મહાતાતિજ શાસનપ્રભાવક આચાર્યપ્રવર શ્રી મલ્લવાદી સૂરીશ્વરજી વિરચિત દ્વાદશારં નયચક્રમ) ના પુનરુદ્ધારક સ્વ. પરમપૂજ્ય મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ જંબૂ વિજયજી મહારાજ સાહેબને ઘટે છે. પ.પૂ. શ્રી જંબૂ વિજયજી મહારાજ સાહેબ જૈન સાહિત્યના તેમ જ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના તલસ્પર્શી અને સર્વસ્પર્શી જ્ઞાતા છે. જો તેઓએ આ ગ્રંથનું પુનરુદ્ધારનું ભગીરથ કાર્ય કરવાનું ન સ્વીકાર્યું હોત અને પુરા ચાર દાયકા સુધી (પ્રથમ ભાગ માટે બે દાયકા અને બીજા તથા ત્રીજા ભાગ માટે બે દાયકા) સુધી પોતાની સમગ્ર બુદ્ધિ અને નિચોડ એ માટે અર્પણ કર્યા ન હોત તો આ લુપ્ત થઈ ગયેલ મૂળ ગ્રંથ જેવા રૂપમાં અત્યારે પ્રકાશિત થયેલ છે તેવા રૂપમાં પ્રકાશિત કરવાનો વિચાર પણ કેવળ દરિદ્રતા મનોરથ જેવો જ લેખાત. દેશ-પરદેશના વિદ્વાનોનો સંપર્ક સાધી સંસ્કૃત, અર્ધમાગધી, પ્રાકૃત, અંગ્રેજી ઉપરાંત તિબેટન (ભોટ), ચીની, ફ્રેન્ચ વિગેરે ભાષાઓમાં લખાયેલા સંબંધિત બૌધ અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી અથાગ પ્રયત્ન કરી સંદર્ભો મેળવી જે વિદ્વદ્તા પૂર્ણ પ્રાકકથન, ટિપ્પણીઓ, ભોટ પરિશિષ્ટ વગેરે આપેલા છે તે આ ગ્રંથની ખાસ વિશિષ્ટતા છે.

વિયેના યુનિર્વસીટીના પૌવાત્વ અને પશ્ચિમાત્વ તત્વજ્ઞાનના સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર ડૉ. એરિક ફ્રાઉવાલેનર એ પ્રસ્તાવનામાં લખેલ છે કે પ.પૂ.શ્રી જંબૂ વિજયજી મહારાજ સાહેબે મૂળ ગ્રંથનું પૂનર્નિર્માણ એવી સરસ રીતે કર્યું છે કે મલ્લવાદીની વિચારસરણી પૂર્ણ નિશ્ચયાત્મક દેખાતી ન હોય તેવા સ્થળોનો પણ તેનો મુખ્ય આશય સંપૂર્ણપણે સમજી શકાય છે.

આવો અમૂલ્ય ગ્રંથ પ્રકાશિત કરવાની તેમ જ તેનું પુનઃમુદ્રણ કરવાની અમોને તક મળી છે તે માટે અમો પ.પૂ.શ્રી જંબૂ વિજયજી મ.સા.ના અત્યંત ઋણી છીએ. આ ગ્રંથના પુનઃમુદ્રણના આર્થીક પાસા અંગે પણ પ.પૂ. મહારાજ સાહેબે અમારી સંસ્થાને આર્થીક બોજો ન પડે તે માટે કાર્યશીલ રહ્યા છે. તેઓશ્રીની પ્રેરણાથી જાપાનના ડૉ. ફુજીનારાસીને આ પુનઃમુદ્રણ માટેના ખર્ચ માટે સારી એવી રકમ આપેલ છે.

માન તથા પ્રસંશાથી દૂર રહેવાની તેઓશ્રીની યોગદષ્ટિ હોવાથી તેઓશ્રી "દ્વાદશારં નયચક્રમ" ની પ્રથમ આવૃત્તિના વિમોચન વખતે હાજર રહ્યા નહોતા. તેઓએ અમારી સંસ્થાના તે વખતના પ્રમુખ મારા સ્વ. પિતાશ્રી ખીમચંદ ચાંપશીભાઈ શાહ આમંત્રણ આપવા ગયા ત્યારે કહેલ કે "મેં મારી ફરજ બજાવી, મારું કાર્ય ગુરુદેવની કૃપાથી પુરું થયું તે અંગે ગીત ગાવાના ન હોય." તેવા પ.પૂ.શ્રી જંબૂ વિજયજી મ. સા. ૭૫ માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેઓશ્રીને અનંત વંદના તથા તેઓશ્રીના નિરોગી-દીર્ઘાયુની પ્રાપ્તિ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે શંખેશ્વર મુકામે યોજાયેલ દ્વાદ્શારં નયચક્રમ ભાગ–૧લાનું પુસ્તક વિમોચન

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ચાલી રહેલા આ શતાબ્દી વર્ષમાં "દ્વાદ્શારં નયચક્રમ" ના પહેલા ભાગનો [પુનઃ મુદ્રણ] વિમોચન વિધિ સમારંભ આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં શંખેશ્વર મુકામે ગત તા. ૯–૨ '૯૭ ને રવિવારના રોજ વિવિધ શાસન પ્રભાવક કાર્યો દ્વારા સંપન્ન થયેલ.

મુંબઇ સ્થિત શ્રી ગિરિશભાઇ શાહના વરદ્દહસ્તે આ 'દ્વાદ્શારં નયચક્રમ' ભાગ ૧ લાનું વિમોચન કરવામાં આવેલ. શ્રી જૈન આત્માનંદ સભાના માનદ્ પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદભાઇએ આ ગ્રંથ અને તેના કાર્યની કઠિનતા વિષે સુંદર છણાવટ કરેલ. તદ્ઉપરાંત આગમ પ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. લિખિત 'ગુરુવાણી' ભાગ-૨ નું વિમોચન શ્રી નવિનભાઇ ગાંધીના વરદ્દહસ્તે કરવામાં આવેલ. પ. પૂ. જંબૂ-વિજયજી મહારાજ સાહેબે સભાના શતાબ્દી વર્ષની ઉજવણી અંગે પોતાના આશીર્વાદ અર્પણ કરેલ.

આગલા દિવસે તા. ૮-૨-'૯૭ ને શનિવારના રોજ આગમ પ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ના ૭૫ માં જન્મ દિવસ નિમિત્તે પંચ કલ્યાણક પૂજા આદિનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા, ધરણેન્દ્ર ઇન્ડસ્ટ્રીઝના શ્રી નવીનભાઈ ગાંધી (ગોકુલ આઇસ્ક્રીમવાળા), ગુજરાતના નાણાપ્રધાન શ્રી બાબુભાઇ મેઘજીભાઇ શાહ ઉપરાંત જૈન વિદ્વાનો, મહાનુભાવો તથા વિશાળ જનસમુદાયે આ સમારંભમાં પોતાની અમૂલ્ય હાજરી આપી આ પ્રસંગને શાસન પ્રભાવક બનાવ્યો હતો.

શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, માનદ્ મંત્રીશ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ તથા કારોબારીના સભ્યશ્રી કાંતિલાલ રતિલાલ સલોત, શ્રી ખાંતિલાલ મુળચંદ શાહ, શ્રી અરવિંદભાઇ બુટાણી, શ્રી હસમુખભાઈ હારીજવાળા આદિએ આ સુઅવસરે શંખેશ્વર મુકામે ખાસ હાજરી આપી હતી. અને પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ને અનંત વંદના, નિરોગી દીર્ઘાયુ પ્રાપ્તિ માટે પરમાત્માને પ્રાર્થના કરેલ.

સમગ્ર સમારંભને સફળ બનાવવા સભાના સભ્યશ્રીઓએ પોતાની માનદ્ સેવાનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

## ગત અંકમાં ભુલ સુધારો

ગત અંક નં. ૩/૪ માં પેઇજ નંબર ૧૭ થી ૩૨ ને બદલે પેઇજ નં. ૯ થી ૨૪ છપાયા છે. તો આ પેઇજ નં. ૧૭ થી ૩૨ સમજવા નમ્ર વિનંતી છે.

તંત્રી
શ્રી આત્માનંદ પ્રકાશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભાના આંગણે

# પ.પૂ. ગુરુભગવંતો-મુનિભગવંતો આદિનું આગમન

ભાવેણાની ભાવભરી નગરી ભાવનગરના અહોભાગ્યે ઘણા સમયે વિશાળ સમુદાય સાથે પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પૂ. આચાર્ય ભગવંતો, પૂ. મુનિ ભગવંતો તથા પૂ. સાધ્વીજી મહારાજો આદિ ૧૫૦ ગુરુભગવંતોનું એકી સાથે દાદાવાડી મધ્યે આગમન થયું હતું.

આ સુઅવસરને અનુલક્ષી સભાના હોદ્દેદારશ્રીઓએ પૂ. ગુરુભગવંતોને શ્રી જૈન આત્માનંદ સભાના આંગણે પગલા કરવા વિનંતી કરવા ગયેલ. પૂ. ગુરુભગવંતોએ હોદ્દેદારશ્રીઓની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી ગત તા. ૨૭-૧-૯૭ના સભાના આગણે વિશાળ સમુદાય સાથે પગલા કર્યા હતા. પૂ આ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી ગુણયશસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ.આ શ્રી હેમભુષણસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.સા, પૂ. આ શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતો તેમ જ મુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજો આદિ મળી લગભગ ૨૫ ઉપરાંત સાધુ-સાધ્વીજી મહારાજો પધાર્યા હતા.

વિશાળ સમુદાયની ઉપસ્થિતિ સાથે પૂ. ગુરુભગવંતોએ સભાની લાઇબ્રેરી વિભાગનું નિરીક્ષણ કરી ખૂબ જ પ્રભાવિત થયા હતા. ત્યાર બાદ સભા દ્વારા અલભ્ય એવી હસ્તપ્રતોનું કરવામાં આવેલ સુવ્યવસ્થિત આયોજનનું પૂ. ગુરુભગવંતોને નિરીક્ષણ કરાવેલ. પૂ. ગુરુભગવંતોએ આ અલભ્ય એવી હસ્તપ્રતોનું નિરીક્ષણ કરતાં તેની જરૂરિયાત અને જાળવણી અંગે સભાના હોદ્દેદારશ્રીઓને યોગ્ય માર્ગદર્શન આપવા સાથે ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી.

પૂજ્ય ગુરુભગવંતોના સભાના આંગણે પગલા થવાની જાણ થતા અનેક ભાવિક ભાઈ-બહેનો સભાએ પધાર્યા હતા. પૂજ્યશ્રીએ આ સુઅવસરને અનુલક્ષી માંગલિક ફરમાવ્યું હતું. અને સભાના ચાલી રહેલા આ શતાબ્દી વર્ષની ઉજવણી અંગે પોતાના મંગલ આશીર્વાદ અર્પણ કરતાં કહ્યું હતું કે આ સભા સમગ્ર સૌરાષ્ટ્રમાં જુનામાં જુની સંસ્થા છે. આ સંસ્થાનો ઇતિહાસ અને આજસુધી જે મહાનુભાવોએ પોતાનો અમૂલ્ય સમય ફાળવી સભાના દરેક કાર્યમાં તન-મન ધનથી જે નિસ્વાર્થ ભાવે સેવા આપી છે જે સકળ સંઘને માટે ગૌરવ લેવા જેવી વાત છે. અમો ઇચ્છીએ છીએ કે આ સભા ઉત્તરોત્તર પ્રગતિ સાધી આ સભાની કારકિર્દીને વધુ ને વધુ ઉજવળ બનાવે.

આ સુઅવસરને અનુલક્ષી સભાના હોદ્દેદારશ્રી હિંમતલાલ અનોપચંદ-મોતીવાળા, શ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, શ્રી દિવ્યકાંતભાઇ એમ. સલોત, શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ, શ્રી કાંતિલાલ રતિલાલ સલોત, શ્રી ખાંતિલાલ મૂળચંદ શાહ, શ્રી ભાસ્કરભાઇ વકીલ, શ્રી રમેશભાઇ શાહ, શ્રી નટવરલાલ પી. શાહ, શ્રી જસવંતભાઇ ગાંધી, શ્રી પ્રતાપરાય અનોપચંદ શાહ આદિ કારોબારી કમિટીના સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી સભાના દરેક કાર્યમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સકળ સંઘના ભાવિક ભાઇ-બહેનોનો સભા તરફથી હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિઘ્ન વિનાશક શ્રી નવકાર

[ "જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ?" પુસ્તકમાંથી સાભાર ]

સુસાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી
કચ્છી ભવન, પાલીતાણા (સૌરાષ્ટ્ર.)

સંવત ૨૦૩૦ના વર્ષે ચાતુર્માસ માટે અમે બે ઠાણા જામનગર તરફ પ્રયાણ કરતા હતા. વૈશાખ વદ ૦))ના દિવસે કોટડાપીઠા ગામે મુકામ હતો. લૂંઝરતી ગરમીના દિવસો–સાંજના સમયે સખત બફારો, કયાંય ચેન પડે નહિ. એટલે પખ્ખી, પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયની પાછળની ઓસરીમાં બેઠા. ચૈત્યવંદન, અષ્ટોત્તરીની શરૂઆત થતાં જ ધીમો પવન શરૂ થયો ને આકાશ વાદળથી ઘેરાવા લાગ્યું, પખ્ખીસૂત્રની શરૂઆતમાં પવને વંટોળનું સ્વરૂપ લીધું. બારીબારણાં ધડાધડ અવાજ કરવા લાગ્યાં. સહેજ ઉતાવળ કરી. પોણા આઠે પ્રતિક્રમણ પૂરુ થવાની તૈયારી હતી. નવમું સ્મરણ ચાલતું હતું ને વરસાદ શરૂ થયો. પ્રતિક્રમણ પૂર્ણ કરી ઉપાશ્રયની અંદર આવ્યા તો પાટ એકે નહિ. સામાન ઉપાડિ કબાટ ઉપર મૂકી બારીઓ બંધ કરવા લાગ્યા. પવનનાં ઝપાટાંથી બારીઓ બંધ થાય નહિ. વીજળી લબકારા કરતી શરીર ઉપરથી ફરી જાય. વરસાદ બારીમાથી અંદર આવે. ઘનઘોર અંધારું કંઇ સૂઝે નહિ. વીજળીના ઝબકારે જરીક કંઈ દેખાય ન દેખાયને વંટોળ વર્ષા કહે મારું કામ. તેમાં ઉપાશ્રયના વિલાયતી નાંળયાની એક બાજુની બબ્બે લાઇનોમાં નળિયા જ નહિ. તેમાંથી મેઘરાજાની સંપૂર્ણ મહેર થઇ ને ઉપાશ્રય પાણીથી ભરાવા લાગ્યો કોઇ ઉપાય ન રહ્યો. બહાર અવરજવર નહિ. બાજુમાં દરજીની દુકાન હતી. તે પણ નિષ્ક્રિયતાથી બેસી રહેલો મે મારા શિષ્યા સા. શ્રી વિજયપૂર્ણાશ્રીજીને કહ્યું કે–'બધી લપ મૂકીને ચાલો નવકારમાતાને યાદ કરવા બેસી જઈએ.' બે આસન નજીક નજીક પાથરી પરમેષ્ઠિ મંત્ર ગણી નવકારના જાપમાં લીન થયા. પ્રાયઃ દોઢ કલાક જાપમાં લીન રહ્યા. જો કે વીજના ઝબકારે વાદળાના ગડગડાટે અને પવનના સુસવાટે થથરી જવાતું. છતાં આસન પરથી ખસ્યા નહિ. તો નવકારમાતાએ પોતાના બાળકોને સંભાળી લીધા ચાર કબાટ અને અમારા બે આસન મૂકીને ઉપાશ્રય જળબંબાકાર થઇ ગયેલો ૧૦ વાગે સૃષ્ટિનુ તાંડવ શમ્યું. ત્યાં ભક્તિ કરતાં લુહાણા· ભાઈ ફાનસ લઈને આવ્યા. દરવાજો ખોલાવ્યો, ને ચારે બાજુ જોયું તો આશ્ચર્યોદ્ગાર નીકળી ગયા કે આટલા પાણીમાં આસનની જગ્યા કોરી કેમ ? કોઈ અજબ શક્તિએ અમારું પૂરેપૂરું રક્ષણ કર્યું. બીજે દિવસે આટકોટ પ્રતિ વિહાર કરતાં રસ્તાનાં વૃક્ષો પર બેઠેલા પક્ષીઓનો કચ્ચરઘાણ નીકળેલો જોયો. દેહમાંથી કંપારી પસાર થઇ ગઇ. જો નવકારને શરણે ન ગયા હોત તો આપણી પણ આવી સ્થિતિ થવામાં વાર નહોતી. ત્યારથી અનેરી શ્રદ્ધાભક્તિથી નવકાર ગણાય છે

એ ચાતુર્માસ જામનગર કરી સં. ૨૦૩૧માં જૂનાગઢ તરફ આવતા ઉપલેટા ગામમાં પ્લોટનાં દેરાસરે ઉતર્યા. શ્રાવકોએ કહ્યું, 'રાત રહેવી હોય તો કોઈના બંગલે રહેજો.' પણ અમે કાંઈ ખાસ ધ્યાન આપ્યું નહિ. એક જ લાઇનમાં દેરાસરની રૂમ હતી. તે પછી દેરાસર ઉપાશ્રયના વાસણ સામાનની રૂમ વચ્ચે દરવાજો ને ઉપાશ્રય ક્રમશઃ હતા. રાત્રે ૯ાા વાગે સંથારો કરી સૂતા ને ૧૧ાા વાગે અવાજ આવવા શરૂ થયા. પહેલા તો એમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું કે બિલાડી અંદર આવી ગઇ હશે? ઉપાશ્રય લાંબો હતો એક બાજુ જઇએ તો બીજી બાજુ અવાજ સંભળાય. પછી તો અવાજ વધવા લાગ્યા. અગાસીમાં ધડાધડ થાય. બાજુમાં વાસણ પછડાવાનાં અવાજ આવે હાકોટા થાય. શું કરવું? ગભરાટ ને મુંઝવણ વચ્ચે બાજુમાં રહેતા સ્થાનકવાસી ભાઇઓને બૂમો પાડી તો જાણે અમારો અવાજ બહાર જાય જ નહિ. અંતે છેવટના ઉપાય તરીકે સંથારામાં જ સાગારી અણસણ કરી નવકારના શરણે ગયા. બરાબર સાડા ત્રણ વાગે એકદમ શાંતિ થઈ ગઇ વિઘ્ન ટળ્યું માનીને આવશ્યક ક્રિયા કરી જાગતા જ રહ્યા. સવારે મોટી મારડ તરફ જતાં પૂજારી સાથે હતો તેમને કહ્યું કે, 'રાતે આવું બન્યુ" તો એણે કહ્યું, 'મહારાજશ્રી! અહીં આવું થાય છે. જો જાણીતા હોય તો મહારાજસાહેબો કોઈના બંગલે સૂવા ચાલ્યા જાય. પણ અજાણ્યાને અમે કહીએ નહિ. જો કહીએ તો ઉપાશ્રયમાં કોઇ રહે નહિ. અમે રોજ કોના બંગલે મુકીએ'. અમે કહ્યું, 'ભાઈ! અજાણ્યાને તો તમારે ચેતવી દેવા જોઇએ. આવા છાતીના પાટિયા બેસી જાય એવા ઉપદ્રવમાં જો નવકારનું શરણું ન થાય તો માણસ છળી મરે'. બીજી વાર આવી રીતે પ્રગટ પ્રભાવી મહામંત્રે અમને ઉગાર્યા.

સંવત ૨૦૩૪ની સાલે કચ્છ કોટડીમહાદેવપુરીમાં ચાતુર્માસ કરી ત્યાંથી વિહાર કરતાં જાલોર ગયા. ત્યાં રાનામહાવીરજીથી જેસલમેર સંઘમાં જોડાયા નાકોડાજી પછી ચોથા મુકામે મહાસુદમાં કુદરતે પોતાની કલા દેખાડવા માંડી, સાડા ત્રણસો સાધ્વીજી મહારાજો, એક હજાર યાત્રિકો, પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબની નિશ્રા-બાડમેરથી ૩૦ કિ.મી. દૂર બરાબર રેગિસ્તાન ને તેમાં ભયંકર વંટોળીઆ-વરસાદ-વીજડી; તંબુ રહે નહિ; ખુલ્લાં આકાશમાં વરસતા વરસાદે આધારવિના શે' રહેવાય? સંઘનિશ્રાદાતા પૂજ્યપાદ આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબનો આદેશ થયો નવકારની ધૂન મચાવો? સામુદાયિક ધૂન મચાવતાં વરસાદ શાંત થયો રાત પસાર કરીને સવારના વિહાર કરી સાધુ-સાધ્વીજી મહારાજો બાડમેર પહોંચ્યા; એવી રીતે ચાર વખત સંઘમાં ઉપદ્રવ થયો ને નવકારમંત્રની નાવડી દ્વારા પાર પામ્યા.

આ રીતે અનેક વખત નમસ્કાર મહામંત્રના અજવાળાં જીવનમાં પથરાયાં છે. અનન્ય શ્રદ્ધા સદ્ભાવસહ જાપ વગેરે થાય છે.

# શોકાંજલિ

શ્રી જયંતભાઈ એમ. શાહ (ઉં.વ. ૬૫) મુંબઇ મુકામે ગત તા. ૨૭-૨-૯૭ ના રોજ અરિહંતશરણ થયા છે. તેઓશ્રી આ સભાના પેટ્રન મેમ્બર હોવા ઉપરાંત શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના માનદ્ મંત્રી, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કોષાધ્યક્ષ તથા અનેક જાહેર સંસ્થાઓના અગ્રણી હતા.

તેમના દુઃખદ અવસાનથી જૈન સમાજને એક ન પુરી શકાય તેવી ખોટ પડી છે. તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમ જ પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓ જોગ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના પેટ્રનમેમ્બરો તથા આજીવન સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કે ઓકટોબર-૯૬ આખરમાં અત્રેથી દરેક પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓને માહિતી ફોર્મ અને પરિપત્ર રવાના કરેલ છે. જેમાંથી હજુ ઘણા સભ્યશ્રીઓ તરફથી આ માહિતી ફોર્મ ભરાઈને આવેલ નથી. તો હવે વધુ વિલંબ ન કરતાં આ માહિતી ફોર્મ ભરી સત્વરે મોકલી આપવા કૃપા કરે. અન્યથા આપનું સભ્યપદ રદ કરવાની અમારે ના છૂટકે ફરજ પડશે. જેની ખાસ નોંધલેવા નમ્ર વિનંતી છે.

પ્રમુખશ્રી
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

તા. ક. : ફક્ત પેટ્રન મેમ્બરોએજ પોતાની પાસપોર્ટ સાઇઝના બ્લેક એન્ડ વ્હાઇટ ફોટા મોકલવાના છે. આજીવન સભ્યશ્રીઓને ફક્ત માહિતી ફોર્મ ભરીને મોકલવાનું છે. [ આ. નં. અવશ્ય લખવો ] જેની નોંધ લેવા નમ્ર વિનંતી છે.

## "એનો મહિમા અપરંપાર"

**નાનપણથી એટલે કે લગભગ ૬૨ વર્ષથી જાગૃત અવસ્થામાં, ગમે તે સ્થિતિમાં, મૌનરૂપે (જીભ ચલાવ્યા વગર) નવકારમંત્રનો જાપ કરું છું.**

નાનપણમાં ગરીબીનો પાર નહિ. ધનના અભાવે સાદડીથી કેસરિયાજી પગે જાત્રા કરી. ૧૪ વર્ષની ઉંમરમાં નોકરી માટે મુંબઈ આવ્યો. બે વર્ષ આમતેમ ભટક્યો. છેલ્લે ૧૯૩૯થી ૧૯૬૦ સુધી એક જ સ્થળે નોકરી કરી. અને ૧૯૫૦માં નાનાભાઈ ફતેહચંદ (અત્યારે આચાર્યશ્રી હિંકારસૂરિજી) એ દીક્ષા લીધી. ૧૯૬૦ પછી પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. ૧૯૭૨માં ધર્મપ્રભાવે ૭૫૦ માણસોનો સંઘ લઈ મુંબઈથી પાલીતાણા ગયા. શંખેશ્વરમાં "હમીર-સિદ્ધિ ભવન," થાણા દેરાસરમાં પાણીની પરબ, અજમેર દાદાવાડીમાં જિનદત્તસૂરિ ધર્મશાળામાં બ્લોક, ભેલુપુર પાર્શ્વનાથ શ્રીસંઘને રહેવાનો બ્લોક, પાલીતાણા-રાજેન્દ્રભવન દેરાસરમાં નામો, રૂમ વગેરે નવકાર મહામંત્રનો પ્રત્યક્ષ પ્રભાવ છે.

જિંદગીમાં બે વખતે ઝેર અને એક વખત ખૂનથી બચ્યો છું. ખરેખર, શ્રી નવકાર મહામંત્રનો અપરંપાર પ્રભાવ શબ્દોથી સંપૂર્ણ વર્ણવવો શકય જ નથી;

— હમીરમલ કે. શાહ (સાદડીવાલા)
૧૮૭, એ/૧, મુંબાદેવી રોડ,
મુંબઈ-૨ ફોન : ૩૩૨૩૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ,
ભાવનગર-૩૬૪૦૦૧.

પ્રતિશ્રી,

ધર્માનુરાગી ઉદારદીલ શેઠશ્રી,

સાદર જયજિનેન્દ્ર, આપ સપરિવાર કુશળ હશો.

આપશ્રીને વિદિત કરતાં ખૂબ જ હર્ષ અને આનંદ થાય તેવો સુઅવસર આપણી શ્રી જૈન આત્માનંદ સભાના આગણે શરૂ થયેલ છે.

પૂજ્ય ગુરુભગવંતોના શુભ આશીર્વાદ અને અસીમ પ્રેરણાથી શ્રી જૈન આત્માનંદ સભા સંવત ૧૯૫૨ના જેઠ સુદ ૨ ના પ્રારંભ થઈ આજ પર્યંત, ૧૦૦ વર્ષ સુધી જ્ઞાનની ગંગા અવિરતપણે આજે પણ વહાવી રહી છે.

આ સંસ્થાને પ.પૂ. આચાર્યદેવશ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ.સા. (બાપજી મહારાજ સાહેબ)ના સમુદાયના પૂ. ગુરુભગવંત મુનિશ્રી ભુવનવિજયજી મ.સા.ના શિષ્યરત્ન આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.નો વિશેષ ઉપકાર અને શુભ આશીર્વાદ આ સંસ્થાને સાંપડતા રહ્યા છે. જે સભા તથા આપણા સૌના માટે સૌભાગ્યની વાત છે.

પ.પૂ. આત્મારામજી મહારાજના સમુદાય દ્વારા માર્ગદર્શન તેમ જ સહયોગ મળતો રહ્યો છે તેમ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયચન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા. આદિ સપરિવાર ભાવનગર પધારેલ તે સમયે પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં તેઓશ્રીના મંગલ આશીર્વાદ મેળવી સૌ પ્રથમ શતાબ્દી વર્ષની ઉજવણીની જાહેરાત કરવામાં આવી.

આ મંગળ પ્રસંગે શાસન સમ્રાટ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યદેવશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોની શુભ નિશ્રા પ્રાપ્ત થઈ અને આ શતાબ્દી વર્ષની ઉજવણી અંગેના મંગલ આશીર્વાદ પ્રાપ્ત થયા.

શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં પૂ. ગુરુદેવશ્રીઓની શુભ પ્રેરણા અને આશીર્વાદથી આ સભાએ એક સુવેનીયર પ્રગટ કરવાનું નક્કી કરેલ છે. જેમાં આ સભાનો સુવર્ણનીય ઇતિહાસ, વિદ્વાનોના લેખો તેમ જ પૂ. ગુરુદેવશ્રીઓના મનનીય લેખોનું સંકલન કરી એક વિશેષાંક પ્રગટ કરવામાં આવનાર છે.

આ પ્રગટ કરવામાં આવનાર સુવેનીયરમાં આપશ્રી આપની પેઢી, ઉદ્યોગ-ધંધા, દુકાન આદિની ધંધાકીય જાહેરખબર આપી અમોને પ્રોત્સાહિત કરશો એવી આશા અને અપેક્ષા રાખીએ છીએ.

આપશ્રી આપની જાહેરખબરનું મેટર, બ્લોક તથા આ સાથે મોકલેલ ઓર્ડર ફોર્મ ભરી તારીખ — -૯૭ સુધીમાં શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઈટ ભાવનગરના નામના ડ્રાફ્ટ સાથે મોકલી આપવા કૃપા કરશોજી.

આપશ્રીના ઉદાર અને માયાળુ સહયોગની અપેક્ષા સાથે.

## જાહેર ખબરના દર નીચે મુજબ છે

| | |
|---|---|
| બીજું ટાઈટલ પેઈજ રૂા. ૫૦૦૦/- | ચાલુ આખું પેઈજ રૂા. ૩૦૦૦/- |
| ત્રીજું ટાઈટલ પેઈજ રૂા. ૫૦૦૦/- | ચાલુ અર્ધું પેઈજ રૂા. ૧૫૦૦/- |
| ચોથું ટાઈટલ પેઈજ રૂા. ૭૫૦૦/- (છેલ્લું પેઈજ) | ચાલુ પા. પેઈજ રૂા. ૮૦૦/- |

**નોંધ** :-અંકની સાઈઝ ક્રાઉન આઠ પેઈજી ૮" × ૬" (૨૦×૧૫ સે.મી.)

લિ શ્રી જૈન આત્માનંદ સભા

**પ્રમોદકાંત ખીમચંદ શાહ** (પ્રમુખશ્રી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી પ્રસંગે પ્રગટ થતાં સુવેનીયરની જાહેરખબરનું**

# ઓર્ડર ફોર્મ

તંત્રીશ્રી

શ્રી આત્માનંદ પ્રકાશ.
શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧,
(ગુજરાત રાજ્ય)

શ્રી જૈન આત્માનંદ સભ-ભાવનગરના શતાબ્દી વર્ષની શાનદાર ઉજવણી પ્રસંગે પ્રગટ થતાં સુવેનીયરને અમારી હાર્દિક શુભેચ્છા.

બીજું, આ સાથે જાહેરખબરનું ............ પેઈજનું મેટર મોકલ્યું છે. સાથે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો રૂા ................ અંકે રૂા. ........................ ................................ નો ડ્રાફટ મોકલ્યો છે. જે સ્વીકારી અમારા નામની પાકી પહોંચ મોકલી આપવા નમ્ર વિનંતી છે.

નામ ____________________

સરનામું ____________________

____________________

____________________

ગામ/શહેર ..................... Pincode ...................... રાજ્ય......................

ટેલીફોન નં. O.____________ R.____________ કોડ નં. ____________

ચેક/ડ્રાફટની વિગત : રકમ ................ ચેક/ડ્રાફટ નં. ...................... બેન્કનું નામ :
.............................................. શાખા .................... તા.....................

તા.

ઓર્ડર આપનારની સહી

## જાહેર ખબરના દર નીચે મુજબ છે

| | | | |
|---|---|---|---|
| બીજું ટાઈટલ પેઈજ | રૂા. ૫૦૦૦/- | આખું પેઇજ | રૂા. ૩૦૦૦/- |
| ત્રીજું ટાઈટલ પેઇજ | રૂા. ૫૦૦૦/- | અર્ધું પેઈજ | રૂા. ૧૫૦૦/- |
| ચોથું ટાઈટલ પેઇજ છેલ્લું પેઈજ | રૂા. ૭૫૦૦/- | પા ૧/૪ પેઈજ | રૂા. ૮૦૦/- |

**નોંધ** : અંકની સાઈઝ : ક્રાઉન આઠ પેઈજી ૮" × ૬" [ ૨૦ × ૧૫ સે.મી. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરનો યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી મહા તથા ચૈત્ર માસના સંયુક્ત યાત્રા પ્રવાસનું આયોજન ગત તા ૧૩-૪-૯૭ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ યાત્રા પ્રવાસ પાલીતાણાની યાત્રાના બદલામાં રાખવામાં આવ્યો હતો. જેમાં ધોલેરા, કલિકુંડ (ધોળકા) સાવત્થી (બાવળા) આદિ તીર્થયાત્રા કરવામાં આવી હતી. આ યાત્રા પ્રવાસમાં સભ્યશ્રીઓએ તથા મહેમાનોએ આનંદ અને ઉલ્લાસથી ભાગ લીધો હતો.

આ યાત્રા પ્રવાસના મહા તથા ચૈત્ર માસના ડોનરશ્રીઓ નીચે મુજબ છે.

(૧) શ્રી કાંતિલાલ રતિલાલ સલોત ભાવનગર
(૨) શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત ભાવનગર
(૩) શ્રી ખીમચંદ પરશોતમદાસ શાહ ભાવનગર
(૪) શ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ ભાવનગર
(૫) શ્રી વનમાળીદાસ ગોરધનભાઇ શાહ ભાવનગર
(૬) શ્રી સાકરચંદ મોતીચંદ શાહ ભાવનગર
(૭) શ્રી કપૂરચંદ હરીચંદ શાહ ભાવનગર
(૮) શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ ભ વનગર
(૯) શ્રી નાનચંદ તારાચંદ શાહ ભાવનગર
(૧૦) શ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ ભાવનગર

## અલૌકિક તીર્થ ધોલેરા

**ધોલેરા :** ૧૮૧ વર્ષ પ્રાચીન-ભવ્ય ત્રણ શીખરબંધી તીર્થરૂપ જિનાલય છે. ગુજરાતના સમૃદ્ધ બંદરમાં જેનું સ્થાન હતું તે ભુતકાલીન ક્ષેત્ર ધોલેરાબંદર જ્યાં ૪૦૦૦ મૂર્તિપૂજક જૈનોની સંખ્યા હતી તે ભૂતકાળની સ્મૃતિરૂપ જિનાલય.


**વિશેષતા :** શ્રી શત્રુંજય તીર્થ ઉપર શેઠશ્રી મોતીશા ટુંકના મુખ્ય જિનાલયની પ્રતિકૃતિ. એ જ શિલ્પી દ્વારા નિર્માણ, મૂળનાયકશ્રી ઋષભદેવ ભગવાન, જિનાલયના ચોકમાં જ ચમત્કારિક શ્રી ચકકેશ્વરી માતાજીની પ્રતિમાં પ્રતિષ્ઠિત છે, જિનાલયની બાજુમાં જ શ્રી ઘંટાકર્ણ મહાવીર, તથા ગુરુમંદિરની દેરીઓ છે.

**સુવિધા :** આવાસ માટે સુવિધાપૂર્ણ રૂમ, સ્નાન સુવિધા, ભાતાખાતું આદિની સુવ્યવસ્થિત સુવિધાઓ છે.

ભાવનગરથી ધોલેરા ૬૫ કિ.મી.
અમદાવ.દથી કલિકુંડ (ધોળકા) થઈ ધોલેરા ૧૧૦ કિ.મી.
વડોદરાથી તારાપુર વટામણ ચોકડી થઈ ધોલેરા ૧૩૦ કિ.મી.
ધોલેરાથી ભાવનગર થઈ પાલીતાણા ૧૧૫ કિ.મી.
ધોલેરાથી વલ્લભીપુર થઈ પાલીતાણા ૧૧૦ કિ.મી.
જિનાલયની ભવ્યતા, પ્રતિમાજીની અલૌકિકતા નિહાળી પાવન થયાનો સંતોષ થાય છે.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash Regd. No. GBV. 31



## ચંચળ છે કે....

प्रलोभकेभ्यस्त्वर्थेभ्यो दूरे तिष्ठेत् सजागरः ।
कुर्वन्त्याशु मनोम्लानिं चञ्चलानीन्द्रियाणि हि ॥

卐

* સુજ્ઞ માણસે જાગ્રત્ રહી લલચાવનારા વિષયોથી દૂર જ રહેવું, કેમકે ઇન્દ્રિયો એવી ચંચળ છે કે મનને તત્કાળ બગાડી મૂકે છે

卐

* Being watchful one should remain far away from seductive objects, because the organs of sense are fickle and defile the mind at once.

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર : ૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.